પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૭૪ | ૧૫ ડિસેમ્બર, ૨૦૧૮, શનિવાર; માગશર સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાફેલ ડીલમાં કોઈ ગરબડ નથી : સુપ્રિમ

## રાફેલ ડીલ મુદ્દે એસઆઈટી તપાસની માંગ કરતી તમામ અરજીઓને સુપ્રિમ કોર્ટે ફગાવી : કિંમત નક્કી કરવાનું કામ અમારુ નહિ : તપાસ કરવાની કોઇ આવશ્યકતા નથી : આ મામલે કોઈ શંકા નથી અને દરમિયાનગીરીની પણ કોઈ જરૂર નથી :રાફેલ વિમાનની દેશને જરૂર છે



નવી દિલ્હી,તા. ૧૪

રાફેલ ડીલને લઈને કોંગ્રેસ સહિત તમામ વિરોધ પક્ષોના આરોપોનો સામનો કરી રહેલી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારને આજે મોટી રાહત મળી હતી. કારણ કે સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો આપતા સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે તેને ફ્રાન્સ પાસેથી ૩૬ રાફેલ યુદ્ધ વિમાનોની ખરીદી કરવાના એનડીએ સરકારના નિર્ણયમાં કોઈ અનિયમિતતા મળી નથી. કોર્ટે કઠોર વલણ અપનાવીને આ ડીલને લઈને દાખલ કરવામાં આવેલી તમામ અરજીને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યુ હતુ કે મોદી સરકારની સમગ્ર પ્રક્રિયાને લઈને તે સંતુષ્ટ છે. તેમાં શંકાને કોઈ સ્થાન નથી. સુપ્રીમ કોર્ટે અગાઉ ૧૪મી નવેમ્બરના દિવસે ફ્રાંસથી ૩૬ રાફેલ યુદ્ધ વિમાન ખરીદવાના સોદાની સીબીઆઈ તપાસની માંગ કરતી અરજી ઉપર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. સુનાવણી દરમિયાન તમામ સંબંધિત પક્ષો તરફથી પોતપોતાની દલીલો રજૂ કરવામાં આવી હતી. કોર્ટે અરજી કરનારાઓ અને સરકારની સાથે સાથે હવાઈ દળના અધિકારીઓ પાસેથી પણ માહિતી મેળવી હતી. આશરે પાંચ કલાક સુધી મેરેથોન સુનાવણી ચાલી હતી. ત્યારબાદ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ, જસ્ટિસ એસકે કૌલ અને જસ્ટિસ કેએમ જોસેફની બનેલી બેંચે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. રાફેલની કિંમતને જાહેર

● અનુસંધાન પાન-૭ પર

## સુપ્રિમ કોર્ટના ચુકાદાનું સ્વાગત છે : અનિલ અંબાણી

મુંબઈ,તા.૧૪

ફ્રાંસ સાથે ૩૬ રફાલ યુદ્ધવિમાનોની ખરીદીના મામલે સુપ્રીમ કોર્ટ દ્વારા મોદી સરકારને ક્લિનચિટ આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાનું ઉદ્યોગપતિ અનિલ અંબાણીએ સ્વાગત કર્યુ છે. રફાલ ડીલના મામલે અનિલ અંબાણીની કંપની રિલાયન્સ પર પણ આરોપ લગાવાતા હતા. પરંતુ હવે સુપ્રીમ કોર્ટે એ સ્પષ્ટ કરી દીધું છે કે



ઓફસેટમાં પણ કોઈ પક્ષપાત કરવામાં આવ્યો નથી. અંબાણીએ કંપની સામે લગાવાયેલા આરોપો રાજકારણથી પ્રેરીત હોવાનું સાબિત થયું હોવાનું જણાવ્યું છે. તેમની કંપની દસૉલ્ટની સાથે ઓફસેટ સોદો લાગુ કરવા સહીત રાષ્ટ્રીય સુરક્ષા પ્રત્યે પ્રતિબદ્ધ છે.

## રાફેલ મામલે રાહુલે મોદીની માફી માંગવી જોઈએ : શાહ

નવી દિલ્હી, તા. ૧૪

રાફેલ ડિલ મામલામાં કોઈપણ અનિયમિતતા થઈ નથી તેમ સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં આજે જણાવતા ભાજપમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. ૩૬ યુદ્ધ વિમાનોની ખરીદીના મામલામાં ભ્રષ્ટાચારના આરોપ ઉપર મોદી સરકારને સુપ્રીમ કોર્ટ તરફથી ક્લીનચીટ મળ્યા બાદ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની મુશ્કેલી વધી ગઈ છે. રાહુલ ઉપર આજે આક્ષેપોનો વરસાદ શરૂ થઈ ગયો હતો. ભાજપ પ્રમુખ અમિત શાહે માંગ કરી હતી કે, રાહુલ અને કોંગ્રેસે વડાપ્રધાન મોદીની માફી માંગવી જોઈએ.



દેશના લોકોને ગેરમાર્ગે દોરવા બદલ તથા સેનાના સંદર્ભમાં શંકા ઉભી કરવા બદલ કોંગ્રેસ અને રાહુલે માફી માંગવી જોઈએ. દેશને આ પ્રકારે ગેરમાર્ગે દોરવાના અગાઉ ક્યારે પણ પ્રયાસ થયા નથી. રાહુલ ગાંધી દેશની પ્રજાને જવાબ આપે કે તેઓ કયા આધાર પર દેશની પ્રજાને ગેરમાર્ગે દોરી રહ્યા હતા.

## રાફેલ ડીલ અંગે સુપ્રીમ કોર્ટે આપેલો ચુકાદો સંપુર્ણ ખોટો : પ્રશાંત ભૂષણ

ન્યુ દિલ્હી,તા.૧૪

રફાલ ડીલ પર તપાસની માગણી કરતી



જાહેરહિતની અરજીઓ નામંજૂર કરવાના સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે સવાલ ઉઠાવીને અરજદાર પ્રશાંત ભૂષણે અસંતુષ્ટિ વ્યક્ત કરી છે. પ્રશાંત ભૂષણે કહ્યું કે સુપ્રીમ કોર્ટનો ચુકાદો અયોગ્ય છે. અરજદારોને કિંમતની જાણકારી મળી નથી. રફાલ ડીલમાં બેઈમાની થઈ હોવાના પોતાના આરોપો પર પ્રશાંત ભૂષણ યથાવત છે. પ્રશાંત ભૂષણે ફરી એકવાર અનિલ અંબાણીની કંપનીને ઓફસેટ પાર્ટનર બનાવવાના મામલે અને રફાલની કિંમતો મામલે પોતાની પ્રતિક્રિયામાં સવાલો ઉઠાવ્યા છે. પ્રશાંત ભૂષણે કહ્યુ કે ચુકાદા વિરુદ્ધ તેઓ પુનર્વિચારણા અરજી દાખલ કરવા વિચારે છે.

## રાફેલ ડીલની તપાસ માટે સુપ્રિમ યોગ્ય મંચ નહિ, જેપીસી તપાસ થાય : સૂરજેવાલા

ન્યુ દિલ્હી,તા.૧૪

રફાલ ડીલ મુદ્દે સુપ્રીમે આપેલા ચૂકાદા બાદ પણ કોંગ્રેસ જેપીસીની



માંગણી પર અડગ છે. સુપ્રીમના ચૂકાદા બાદ કોંગ્રેસ તરફથી પ્રતિક્રિયા આપતા પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ જણાવ્યું હતું કે ડીલની તપાસ માટે સુપ્રીમ કોર્ટ યોગ્ય મંચ નથી. ડીલની તપાસમાં કોર્ટની કેટલીક મર્યાદાઓ રહેલી છે. તેમણે ફરી એક વખત સંસદની જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટીની માંગ દોહરાવતા કહ્યું કે જેપીસીની તપાસથી જ રફાલ ડીલની સત્યતા સામે આવશે.




## રાજસ્થાનમાં ગેહલોત મુખ્યમંત્રી અને સચીન પાયલોટ નાયબ મુખ્યમંત્રી

જયપુર, તા. ૧૪

રાજસ્થાનના મુખ્યમંત્રી કોણ બનશે તેને લઈને ચાલી રહેલી ચર્ચા અને ખેંચતાણનો આખરે અંત આવી ગયો છે. લાંબી મડાગાંઠ રહ્યા બાદ આખરે રાજસ્થાનના મુખ્યમંત્રી તરીકે અશોક ગેહલોતે બાજી મારી લીધી છે જ્યારે નાયબ મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સચિન પાયલોટને સોંપવામાં આવશે. કોંગ્રેસની શાંતિ સમજૂતિમાં આખરે આ ફોર્મ્યુલા નક્કી કરવામાં આવી હતી. રાજસ્થાનની વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ અશોક ગહેલોત અને સચિન પાયલોટ વચ્ચે મુખ્ય સ્પર્ધા દેખાઈ રહી છે. ૬૭ વર્ષીય અશોક ગેહલોત અગાઉ પણ બે વખત રાજ્યના મુખ્યમંત્રી તરીકે રહી ચુક્યા છે. જ્યારે ૪૧ વર્ષીય પાયલોટે આ વખતે રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનું નેતૃત્વ કર્યું હતું. કોંગ્રેસ પાર્ટીએ બે ટ્વિટમાં આ નિર્ણયની જાહેરાત કરી હતી. એકમાં જણાવવામાં આવ્યું હતું કે, અશોક ગેહલોત અનુભવી અને દિગ્ગજ નેતા છે. બીજા ટ્વિટમાં જણાવાયું હતું કે, પાયલોટ યુવા અને સમર્પિત નેતા છે. શુક્રવારના દિવસે દિલ્હીમાં બંને નેતાઓ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીને મળ્યા હતા. ચૂંટણી બાદથી જ મુખ્યમંત્રીને લઈને જોરદાર મડાગાંઠની સ્થિતિ પ્રવર્તી રહી હતી. મધ્યપ્રદેશ અને રાજસ્થાન બંનેના ભાવિ મુખ્યમંત્રીઓ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, ઘોષણાપત્રમાં જે વચન અપાયા હતા તે તરત અમલી કરવામાં આવશે.

## મધ્યપ્રદેશમાં કમલનાથ મુખ્યમંત્રી તરીકે ૧૭મીએ શપથ ગ્રહણ કરશે

ભોપાલ, તા. ૧૪

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી તરીકે કમલનાથની ૧૭મી ડિસેમ્બરના દિવસે તાજપોશી કરવામાં આવશે. મધ્યપ્રદેશના નવા મુખ્યમંત્રી તરીકે કમલનાથ ૧૭મીએ શપથ લેશે. કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા બાદ આજે સવારે કમલનાથ રાજ્યપાલ આનંદીબેન પટેલને મળવા માટે પહોંચ્યા હતા. આનંદીબેન પટેલને મળીને કમલનાથે ધારાસભ્યોની યાદી સોંપી હતી. ત્યારબાદ રાજ્યપાલે કમલનાથને મુખ્યમંત્રી બનવા માટે નિયુક્તિપત્ર સુપ્રત કર્યો હતો. રાજ્યપાલને નિયુક્તિપત્ર મળી ગયા બાદ કમલનાથે બહાર આવીને નિયુક્તિપત્ર દર્શાવ્યો હતો. ત્યારબાદ કમલનાથે જાહેરાત કરી હતી કે, ૧૭મી ડિસેમ્બરના દિવસે ભોપાલના લાલ પરેડ મેદાનમાં તેઓ મુખ્યમંત્રી પદના શપથ લેશે.







A1નું શિયાળાની ફુલગુલાબી ઠંડીમાં માણવા જેવું મેનુ

સ્વાદિષ્ટ તુવેર ટોઠા

બાજરીની રોટી સાથે રીંગણનું ભરથુ

લીલી હળદરના શાક સાથે લસણની ચટણી

મકાઈની રોટી સાથે સરસવનું શાક

નવી રિનોવેટેડ જગ્યા પર એ જ જૂનો A1નો વિશ્વાસ

છેલ્લા ૨૩ વર્ષથી આપની સેવામાં

પંજાબી, ચાઈનીઝ, ભાજીપાઉં, પીઝા અને સ્પે. કાઠિયાવાડી

સ્ટોલ નં. ૧ અને ૪, ફુડ કોર્ટ, શાલીમાર સિનેમા પાસે, ઘ-૫, સે-૧૬, ગાંધીનગર ● મો. નં. 98245 17627, 99242 45277

આ જાહેરાતનું કટીંગ લઈને આવનારને શિયાળાનો ગુણકારી હોટ એન્ડ શોવર શુપ તદ્દન ફ્રી

### બેસણું



**શ્રી દેવેન્દ્રનાથ સિંહનું**

તા. ૯.૧૨.૨૦૧૮ ના રોજ દુ:ખદ નિધન થયું છે.
સદ્‌ગતનું બેસણું
તા. ૧૬.૧૨.૨૦૧૮ ને રવિવારના રોજ
સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ દરમિયાન
અમારા નિવાસસ્થાન :
પ્લોટ નં. ૯૩૭/૧, સેક્ટર-૪-ડી, ગ-૨ સર્કલ પાસે,
ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

**- પ્રેમા દેવેન્દ્રનાથ સિંહ અને પરિવારજનો**

PARAM